### ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦ હેઠળ ગુજરાત પોલીસે 13 આરોપીને ઝડપી લીધા

# રૂ.૬૩૧ કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ

**સુરત** પોલીસના હાથે ઉધનામાંથી પકડાયેલા આરોપીએની કબૂલાતથી સમગ્ર નેટવર્ક ખુલ્લું પડ્યું હતું

ગાંધીનગર : ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ (સીઆઈડી ક્રાઈમ) દ્વારા હાથ ધરવામાં આવેલા “ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦” અંતર્ગત દેશવ્યાપી સાયબર ફ્રોડના મોટા આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. અમદાવાદ, સુરત, વડોદરા, ભરૂચ અને રાજકોટ ખાતે એકસાથે દરોડા પાડી પોલીસે કુલ ૧૩ આરોપીઓની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં આ ગેંગ દ્વારા અંદાજે રૂ. ૬૩૧.૮૬ કરોડથી વધુનું સાયબર કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે.

સીઆઈડી ક્રાઈમના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની મદદથી આ સમગ્ર ઓપરેશન પાર પાડ્યું હતું. તપાસ દરમિયાન આરોપીઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલા ૪૫ બેંક ખાતાઓની વિગતો ‘નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ’ (NCCRP) પર ચકાસવામાં આવતા સમગ્ર દેશમાં કુલ ૯૮૨ સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત આ ગેંગ વિરુદ્ધ દેશના વિવિધ રાજ્યોમાં ૨૦૦થી વધુ FIR નોંધાઈ ચૂકી છે. બોગસ પેઢીઓ ઉભી કરીને તેમના નામે મ્યુલ બેંક એકાઉન્ટ ખોલાવતા હતા. ત્યારબાદ ટેલીગ્રામ ગ્રુપ અને બ્રીચ ડેટાબેઝ મારફતે બેંક ગ્રાહકોના કસ્ટમર આઈડી મેળવવામાં આવતા હતા.આરોપીઓ લોકોને ક્રેડિટ કાર્ડ અને અન્ય લાલચ આપીને OTP મેળવી લેતા હતા અને ત્યારબાદ ઈન્ટરનેટ બેન્કિંગના પાસવર્ડ બદલી ખાતા હેક કરતા હતા. હેક કરાયેલ નાણાં મ્યુલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરીને કમિશનના આધારે રોકડામાં ફેરવવામાં આવતા અને ‘આંગડિયા’ મારફતે રકમની હેરફેર કરવામાં આવતી હતી. ગેંગ ઓનલાઈન ફાઈનાન્સિયલ ફ્રોડ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, ડિપોઝિટ ફ્રોડ અને UPI સંબંધિત છેતરપિંડીમાં સક્રિય હોવાનું બહાર આવ્યું છે.

તપાસ મુજબ મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૩૭ ફરિયાદો નોંધાઈ છે, જ્યારે કર્ણાટકમાં ૧૨૬, ઉત્તર પ્રદેશમાં ૮૭, તમિલનાડુમાં ૮૩, ગુજરાતમાં ૭૭, તેલંગણામાં ૬૪ અને દિલ્હીમાં ૫૩ ફરિયાદો નોંધાઈ છે. આ સિવાય રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, કેરળ સહિતના અન્ય રાજ્યોમાં પણ ગુનાઓ નોંધાયા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

#### પકડાયેલા 13માંથી 5 આરોપી સુરતના

૧. મનીષ જ્ઞાનચંદ લોઢા ( મણીનગર, અમદાવાદ )
૨. અંકિત શાંતિલાલ લોઢા ( મણીનગર, અમદાવાદ )
૩. નવીન વિજયકુમાર વૈષ્ણવ (ઉધના, સુરત )
૪. મોહિતકુમાર રઘુવરસિંહ નાહર (જૈન- વેસુ, સુરત)
૫. માધવજી વેલજીભાઈ કોટડિયા (રાજકોટ)
૬. નયન દિનેશભાઈ ઇટાલીયા (વેડ રોડ, સુરત)
૭. નિમેષ મનસુખભાઈ જેતાણી (એ.કે. રોડ, સુરત)
૮. વિમલ ભગવાનભાઈ જાડા (મોટા વરાછા, સુરત)
૯. અરબાઝ ઇકબાલ પીરજાદા (રાવપુરા, વડોદરા)
૧૦. ફૈઝાન યાકુબભાઈ સોદાગર (લહેરીપુરા, વડોદરા)
૧૧. કાસિફઅલી મુસ્તુતાકઅલી શેખ - જેતલપુર, વડોદરા)
૧૨. મહોમદ ઝુબેર સલીમભાઈ મેમણ (મુગલવાડા, વડોદરા)
૧૩. હાર્દિક કેશુભાઈ સરવૈયા (રાજકોટ)

| | |
|---|---|
| ૨૮ | મોબાઇલ ફોન |
| ૩૬ | ચેકબુક |
| ૧ | પાસબુક |
| ૨ | લેપટોપ |
| ૧૨ | ATM/ડેબિટ કાર્ડ |

૪ બોગસપેઢીઓના સ્ટેમ્પ કબ્જે કર્યા છે.

આ સમગ્ર કામગીરી CID ક્રાઇમના પોલીસ મહાનિદેશક ડો. કે. લક્ષ્મી નારાયણ રાવ અને નાયબ પોલીસ મહાનિરીક્ષક બિપિન આહીરેના માર્ગદર્શન હેઠળ હાથ ધરાઈ હતી. પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલા, સંજય કેશવાલા અને વિવેક ભેડાના સીધા સુપરવિઝનમાં સાયબર સેન્ટરની ચાર અલગ-અલગ ટીમોએ આ ઓપરેશન સફળ બનાવ્યું હતું. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ વ્યક્તિએ કમિશન કે અન્ય લાલચમાં આવી પોતાના બેંક ખાતાની વિગતો અન્ય કોઈને આપવી નહીં. પોલીસના જણાવ્યા અનુસાર આવા ખાતામાં ગુનાહિત નાણાં આવતાં હોય તો ખાતાધારક પણ કાનૂની જવાબદારીમાં આવી શકે છે.

#### ઠગાઇ માટે ઊભી કરેલી બોગસ પેઢી

» ‘સૌરઠ ઓવર્સીસ’
» ‘SNB ACQUA SHIPPING PVT LTD’
» ‘Zeppelin Overseas Shipping Pvt Ltd’
» ‘DKG Creation and Technologies’

# રાજ્યમાં સુરેન્દ્રનગર ૪૪ ડિગ્રીએ સૌથી ગરમ

**આજે** દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં વરસાદની આગાહી

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળાનો કાળો કહેર યથાવત રહ્યો છે. રાજ્યના અનેક શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર નોંધાતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે સુરેન્દ્રનગરમાં રાજ્યનું સૌથી વધુ ૪૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જ્યારે અમદાવાદ, ગાંધીનગર અને રાજકોટમાં પણ ગરમીનો પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચ્યો હતો.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ આપેલી માહિતી મુજબ, આજે રાજકોટ અને ગાંધીનગરમાં ૪૩ ડિગ્રી, અમદાવાદમાં ૪૩ ડિગ્રી, અમરેલી, ડીસા અને વલ્લભ વિદ્યાનગરમાં ૪૨ ડિગ્રી, વડોદરા અને ભૂજમાં ૪૧ ડિગ્રી તથા કંડલા પોર્ટ અને કંડલા એરપોર્ટ પર ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભાવનગરમાં ૩૮ ડિગ્રી, કેશોદમાં ૩૮ ડિગ્રી, સુરતમાં ૩૯ ડિગ્રી, દમણમાં ૩૯ ડિગ્રી તેમજ પોરબંદર, મહુવા અને નલિયામાં ૩૫ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય તેવી આગાહી વ્યક્ત કરી છે. રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં આગામી દિવસોમાં પણ ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ નોંધાયો હતો, જ્યારે ગુજરાત રિજિયન, કચ્છ, દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં વાતાવરણ સૂકું રહ્યું હતું. કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું હતું. હાલ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું અરબી સમુદ્ર, બંગાળની ખાડી અને આંદામાન સમુદ્રના વધુ વિસ્તારો તરફ આગળ વધ્યું છે. આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન ચોમાસું વધુ વિસ્તારોમાં આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

### કોકલીયર ઈમ્પ્લાન્ટ પ્રોગ્રામના લાભાર્થી બાળકો સાથે ભૂપેન્દ્ર પટેલે સંવાદ કર્યો

અમદાવાદ : રાજ્ય સરકારના કોકલીયર ઈમ્પ્લાન્ટ એક્સ્ટર્નલ સ્પીચ પ્રોસેસર રિપ્લેસમેન્ટ પ્રોગ્રામનો લાભ મેળવનારાં ૨૦ બાળકો સાથે અમદાવાદના સાયન્સ સિટી ખાતે સહજ સંવાદ સાધ્યો હતો. આ ઉપરાંત મુખ્યમંત્રીએ બાળકો સાથે સાયન્સ સિટીની પ્રખ્યાત ‘એક્વાટિક ગેલેરી’ની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી રંગબેરંગી માછલીઓ અને જળચર સૃષ્ટિ જોઈને આશ્ચર્યચકિત થતાં રાજ્ય સરકાર દ્વારા ૬ વર્ષ સુધીના સંપૂર્ણ બહેરાશ ધરાવતા બાળકોને વિનામૂલ્યે કોકલીયર ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૪થી શરૂ થયેલી આ યોજનામાં અત્યાર સુધી ૩૫૦૦થી વધુ બાળકોને લાભ મળ્યો છે. ઉપરાંત, વર્ષ ૨૦૨૪થી ખરાબ, ખોવાયેલા અથવા તૂટી ગયેલા એક્સટર્નલ સ્પીચ પ્રોસેસરનું મફત રિપ્લેસમેન્ટ પણ આપવામાં આવે છે.

# ત્વિષા શર્માના અપમૃત્યુનો કિસ્સો આજના સમાજની વાસ્તવિકતા ઉજાગર કરે છે

ટુ ધ પોઈન્ટ ▪ સંજય વોરા ▪




મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં 33 વર્ષીય પરિણીત મહિલા ત્વિષા શર્માના તેના પતિના ઘરે શંકાસ્પદ મૃત્યુનો મામલો જોર પકડી રહ્યો છે. ત્વિષા શર્મા ૧૨ મેના રોજ તેના પતિ સમર્થ સિંહના ઘરે મૃત હાલતમાં મળી આવી હતી, જે વ્યવસાયે વકીલ છે. ત્વિષા અને સમર્થ એક ડેટિંગ એપ દ્વારા મળ્યાં હતાં અને તેમણે ભવ્ય લગ્ન કર્યાં હતાં, પરંતુ લગ્નના પાંચ મહિના પછી જ ત્વિષાએ આત્મહત્યા કરી હતી. ત્વિષાના પરિવારે મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર કર્યો છે અને દાવો કર્યો છે કે તે આત્મહત્યા નથી પણ હત્યા છે. ત્વિષાના પરિવારનો આરોપ છે કે તેના સાસરિયાંઓ તેમની રાજકીય લાગવગનો ઉપયોગ કરીને ન્યાય પ્રક્રિયામાં અવરોધ લાવી રહ્યા છે. ત્વિષાનો પરિવાર તેના પતિ સમર્થસિંહ અને સાસુ ગિરિબાલાસિંહ સામે ગંભીર આરોપો લગાવી રહ્યો છે.

છોકરીના પરિવારનો આરોપ છે કે સમર્થનો પરિવાર તેમની પુત્રીને માનસિક અને શારીરિક ત્રાસ આપી રહ્યો હતો. ત્વિષાનો ભાઈ ભારતીય સેનામાં મેજર છે. પરિવારના દબાણને પગલે મૃતકનાં સાસરિયાંઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જો કે, તેમને તાત્કાલિક અંતરિમ જામીન આપવામાં આવ્યા હતા, જેનો પીડિત પરિવાર વિરોધ કરી રહ્યો છે. છોકરીનો પરિવાર માંગણી કરી રહ્યો છે કે તેમના જામીન રદ કરવામાં આવે અને દિલ્હીના એઈમ્સમાં બીજું પોસ્ટમોર્ટમ કરવામાં આવે. પોલીસ તપાસ પર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે, કારણ કે આત્મહત્યામાં ઉપયોગમાં લેવાયેલો નાયલોનનો પટ્ટો પોસ્ટમોર્ટમ દરમિયાન પોલીસ દ્વારા રજૂ કરવામાં આવ્યો ન હતો. જો કે, પટ્ટો પાછળથી મોકલવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ સમયે પટ્ટો ન હોવાને કારણે ડોકટરો ફાંસીનાં સાધન અને ગળા પરના નિશાનને મેચ કરી શક્યા ન હતા. પટ્ટાની ગેરહાજરીને કારણે વૈજ્ઞાનિક રીતે મેચિંગ અને લિગેચર માર્કનું માપન પણ અશક્ય બન્યું હતું. પટ્ટો હવે તપાસ માટે AIIMS મોકલવામાં આવ્યો છે અને રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. આરોપી સાસુએ કોર્ટમાં ખુલાસો કર્યો કે ત્વિષા ડ્રગ્સની વ્યસની હતી. ત્યાર બાદ આ કેસ વધુ સંવેદનશીલ બન્યો છે. ત્વિષા શર્મા મૂળ નોઈડાની રહેવાસી હતી. તેણે મિસ પુણેનો ખિતાબ જીત્યો હતો અને તે મોડેલિંગના વ્યવસાયમાં કામ કરી ચૂકી હતી. ત્વિષા ૨૦૨૪ માં ડેટિંગ એપ દ્વારા ભોપાલના વકીલ સમર્થ સિંહને મળી હતી. બંનેએ ડિસેમ્બર ૨૦૨૫ માં લગ્ન કર્યાં હતાં. લગ્ન પછી તરત જ ત્વિષા અને તેનાં સાસરિયાંઓ વચ્ચે તણાવ શરૂ થયો હતો. ત્વિષાના પરિવારનો આરોપ છે કે લગ્ન સમયે દહેજ આપવા છતાં, તેમને સતત ટોણાં મારવામાં આવતાં હતાં કે લગ્ન તેમનાં ધોરણો મુજબ નથી. એફઆઈઆરમાં પરિવારે આરોપ લગાવ્યો છે કે લગ્ન પછી ત્વિષાને ખર્ચ માટે પૈસા આપવામાં આવતા ન હતા અને તેના માતાપિતા ઓનલાઈન પૈસા મોકલતા હતા. આ જ FIR મુજબ ત્વિષા એપ્રિલ ૨૦૨૬ માં ગર્ભવતી હતી. પરિવારનો આરોપ છે કે તેના પતિ સમર્થ સિંહ અને સાસુ ગિરિબાલાસિંહે તેના ચારિત્ર્ય પર સવાલ ઉઠાવ્યા હતા. પરિવારનું કહેવું છે કે દબાણને કારણે મે મહિનાના પહેલા અઠવાડિયામાં ત્વિષાને ગર્ભપાત કરાવવાની ફરજ પાડવામાં આવી હતી.

ત્વિષા શર્માના પરિવારના જણાવ્યા અનુસાર તેણે MBA કર્યું હતું અને તે માર્કેટિંગ અને કોમ્યુનિકેશનમાં કામ કરતી હતી. તેણીએ દિલ્હી અને અન્ય શહેરોમાં કોર્પોરેટ સેક્ટરમાં કામ કર્યું હતું. ત્વિષાની ઓળખ ફક્ત કોર્પોરેટ જગત પૂરતી મર્યાદિત નહોતી. તેના પિતા કહે છે કે ત્વિષા મોડેલિંગ, અભિનય અને સૌંદર્ય સ્પર્ધાઓમાં પણ સામેલ હતી. નવનિધિ શર્માએ કહ્યું કે મારી દીકરી મિસ પુણે રહી ચૂકી હતી, ઘણી મોટી કંપનીઓ માટે જાહેરાત કરતી હતી અને તેણે તેલુગુ ફિલ્મમાં પણ કામ કર્યું હતું. ત્વિષાના પરિવારે એવો પણ આરોપ લગાવ્યો હતો કે લગ્ન પછી તેણીને માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવ્યો હતો. તેમના મતે ત્વિષા નોઈડા પરત ફરવા માંગતી હતી. એક વોટ્સએપ ચેટમાં ત્વિષાએ તેની માતાને લખ્યું હતું કે મમ્મી, મને ખૂબ ગૂંગળામણ થઈ રહી છે. બીજા સંદેશમાં તેણીએ લખ્યું હતું કે મારું જીવન નર્ક બની ગયું છે.

પરિવારના જણાવ્યા અનુસાર ત્વિષાએ ૧૨ મેના રોજ રાત્રે લગભગ ૯:૪૧ વાગ્યે તેના પિતાને વોટ્સએપ કોલ કર્યો હતો. તેના પિતા નવનિધિ શર્મા કહે છે કે તેમની પત્ની ત્વિષા સાથે વાત કરી રહી હતી ત્યારે પાછળથી સમર્થ સિંહનો અવાજ આવ્યો અને અચાનક ફોન ડિસ્કનેક્ટ થઈ ગયો હતો.

પરિવારનું કહેવું છે કે આ પછી તેઓએ લગભગ ૨૦ મિનિટ સુધી સતત ફોન કર્યો પરંતુ કોઈએ જવાબ આપ્યો નહીં. પાછળથી ગિરિબાલા સિંહે ફોન ઉપાડ્યો અને કહ્યું કે તે હવે નથી રહી. ત્વિષાને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. પ્રારંભિક પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત્યુનું કારણ ગૂંગળામણ હોવાનું જણાવાયું હતું. તેમાં શરીર પર અન્યત્ર અનેક ઈજાઓ પણ નોંધાઈ હતી. આ ઈજાઓ હત્યાની સંભાવનાઓ વ્યક્ત કરતી હતી.

ત્વિષાની સાસુ અને નિવૃત્ત ન્યાયાધીશ ગિરિબાલાસિંહે ત્વિષાના માતા-પિતા દ્વારા પ્રેસ કોન્ફરન્સમાં અને કોર્ટમાં દાખલ કરાયેલી આગોતરા જામીન અરજીમાં લગાવવામાં આવેલા આરોપોને નકારી કાઢ્યા છે. તેમણે કહ્યું કે ત્વિષા અને સમર્થ સિંહે પોતાની મરજીથી લગ્ન કર્યાં હતાં અને તેમનાં પરિવારોએ તેમની વચ્ચે મોટા મતભેદો હોવા છતાં આ સંબંધ સ્વીકાર્યો હતો. ગિરિબાલા સિંહે દાવો કર્યો હતો કે ત્વિષા માનસિક અને તબીબી સમસ્યાઓથી પીડાતી હતી અને તેની સારવાર ચાલી રહી હતી. ગિરિબાલાસિંહે ત્વિષાનાં માતા-પિતા દ્વારા લગાવવામાં આવેલા આરોપોને નકારી કાઢ્યા હતા કે તેનાં સાસરિયાંઓ દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં.

ભોપાલ પોલીસે આ કેસની તપાસ માટે છ સભ્યોની સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરી છે, જેનું નેતૃત્વ ACP રજનીશ કશ્યપ કૌલ કરી રહ્યા છે. પોલીસે ત્વિષા શર્માના પતિ સમર્થ સિંહ અને સાસુ ગિરિબાલા સિંહ વિરુદ્ધ દહેજ મૃત્યુ, ત્રાસ અને દહેજ પ્રતિબંધ કાયદા હેઠળ કેસ નોંધ્યો છે. એસીપી રજનીશ કશ્યપ કૌલે જણાવ્યું કે ત્વિષાનું મૃત્યુ તેના લગ્નના સાડા પાંચ મહિનામાં થયું હોવાથી દહેજ મૃત્યુ સંબંધિત જોગવાઈઓ હેઠળ કેસની તપાસ કરવામાં આવી રહી છે. મૃતકના પરિવારે ઉત્પીડનના આરોપો લગાવ્યા છે. પોલીસે કોર્ટમાં એવી પણ દલીલ કરી છે કે જો આરોપીને જામીન મળે તો પુરાવા સાથે છેડછાડ થવાની શક્યતા હોઈ શકે છે. મુખ્ય આરોપી સમર્થ સિંહ છે. અમે કોર્ટમાં દલીલ કરી છે કે જો આરોપીઓને જામીન આપવામાં આવે તો પુરાવા સાથે છેડછાડ થઈ શકે છે અને આ આધારે સમર્થ સિંહની જામીન અરજી ફગાવી દેવામાં આવી છે.

આરોપી પક્ષે ઘટના પછી તાત્કાલિક પોલીસને જાણ કરી ન હતી. જો કે આ પક્ષ કાયદા અને પ્રક્રિયાથી વાકેફ જણાય છે. આ કેસની શરૂઆતની તપાસ પર પણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે. પરિવારે આરોપ લગાવ્યો છે કે પોસ્ટમોર્ટમ તપાસ દરમિયાન કથિત ફાંસો રજૂ કરવામાં આવ્યો ન હતો. આ અંગે એસીપીએ કહ્યું કે તત્કાલીન તપાસ અધિકારી દ્વારા સામગ્રી ન મોકલવા અંગે તપાસ ચાલી રહી છે. જો કે એફએસએલ ટીમે ઘટનાસ્થળેથી જ ફાંસો કબજે કર્યો હતો, પરંતુ તે પોસ્ટમોર્ટમ માટે કેવી રીતે પહોંચ્યો નહીં તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે સમર્થ સિંહની ધરપકડ માટે ૧૦,૦૦૦ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું છે. પોલીસનું કહેવું છે કે દહેજ ઉત્પીડન, શારીરિક હિંસા અને પુરાવાનો નાશ કરવાના આરોપો સહિત કેસનાં તમામ પાસાંઓની તપાસ કરવામાં આવી રહી છે. ત્વિષાના પરિવારે આ કેસમાં નવેસરથી પોસ્ટમોર્ટમની માંગણી કરી છે. તેમનું કહેવું છે કે બીજું પોસ્ટમોર્ટમ AIIMS દિલ્હી અથવા બહારની કોઈ સ્વતંત્ર નિષ્ણાત સંસ્થામાં કરાવવું જોઈએ. પરિવાર હવે સીબીઆઈ દ્વારા તપાસની માગણી પણ કરી રહ્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**એક વોટ્સએપ ચેટમાં ત્વિષાએ તેની માતાને લખ્યું હતું કે મમ્મી, મને ખૂબ ગૂંગળામણ થઈ રહી છે. બીજા સંદેશમાં તેણે લખ્યું હતું કે મારું જીવન નર્ક બની ગયું છે**

## BUSINESS મિત્ર

# વૈશ્વિક અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા રહેશે, શેરબજાર અથડાતું જોવા મળશે

**વિતેલા** સપ્તાહમાં ભારતીય શેરબજારમાં બેઉતરફી વધઘટે નજીવા સુધારા સાથે બંધ રહ્યા

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 23:** અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ વિરામની અનેક ચર્ચાઓ ચાલી છે, પણ તેનો અંત આવતો નથી, તેના લીધે વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ રહે છે. જેમાં આ સપ્તાહ દરમ્યાન મીડલ ઈસ્ટના તણાવના મામલે માત્ર ચર્ચા જ થઈ છે, પણ કોઈ નિષ્કર્ષ પણ આવ્યો નથી, જે દર્શાવે છે કે, હકારાત્મક નિર્ણય આવી શકે છે. જો કે, ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર સેનાના અધિકારીઓ સાથે ચર્ચા કરી રહ્યા છે અને ફરીથી કોઈ હુમલાની તૈયારી થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. જેના લીધે ફરીથી વૈશ્વિક તણાવ વધી શકે છે અને ફરીથી શેરબજારમાં તોફાની વધઘટ જોવા મળી શકે તેમ છે.

સ્થાનિક મોરચે જોઈએ તો મેક્રો ઈકોનોમીક ડેટા દર્શાવે છે કે, એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેકચરીંગ પીએમઆઇ એપ્રલમાં મે મહિનામાં 54.3ની મલ્ટી મહિનાની નીચી સપાટીએ આવી ગયો હતો, જે ઉર્જા કર્ચ અને મીલડ ઈસ્ટના વેપાર વિક્ષેપોને કારણે સ્ક્વિઝ થયો હતો.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.69 રૂ. |
| યુરો | 111.26 રૂ. |
| પાઉન્ડ | 129.31 રૂ. |
| યેન | 0.6014 રૂ. |

વિદેશી મુડીના પ્રવાહ, વૈશ્વિક ક્રુડ ઓઈલના ભાવમાં વધારો અને અમેરિકન ડોલરની મજબૂતીને કારણે ભારતીય રૂપિયો પણ રેકોર્ડ નીચલા સ્તરે પહોંચ્યો છે, આરબીઆઈની દરમ્યાનગીરી બાદ ડોલર 96ની નીચે સરક્યો છે. આવનારા દિવસોમાં ઔદ્યોગિક ઉત્પાદન સહિતના મેક્રો ડેટા બહાર પાડવામાં આવશે. જેની પર રોકાણકારોની નજર રહેશે. આ ઉપરાંત, આગામી મહિનાના પ્રથમ સપ્તાહમાં આરબીઆઈની નીતિગત બેઠક મળનારી છે, જેમાં વ્યાજદર અંગેના નિર્ણય પર બજારની નજર રહેશે.

વિતેલા સપ્તાહમાં પણ વૈશ્વિક અનિશ્ચિતતાના લીધે ભારતીય શેરબજાર અથડાતું જોવા મળ્યું હતું. નબળો રૂપિયો અને ક્રુડના વધતા જતા ભાવથી ભારે સ્વીંગ્સ જોવા મળ્યું હતું. નિકાસલક્ષી શેરો જેમ કે ફાર્મા તથા આઈટી શેરોને ટેકો મળ્યો હતો. આમ, સેન્ટિમેન્ટ રેન્જ બાઉન્ડ રહ્યું હતું. જોકે, પીએસયુ બેન્કો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં નબળાઈ અને સતત એફઆઈઆઈની વેચવાલીને કાણે અપસાઈડ કેપ કરવામાં આવ્યું હતું. જેના પરિણામે સેન્સેક્સ 177.36 પોઈન્ટ એટલે કે 0.23 ટકા વધીને 75415.35 પોઈન્નટા સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે નિફ્ટી 75.8 પોઈન્ટ એટલે કે 0.32 ટકા વધીને 23719.30 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. જોકે, સાપ્તાહિક દ્રષ્ટિએ બ્રોડર માર્કેટમાં લાર્જકેપ શેરોની સરખામણીએ સારૂં પ્રદર્શન રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 1.09 ટકા વધીને 16374.34 પોઈન્ટ પર બંધ રહ્યો હતો. જ્યારે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.03 ટકા ઘટીને 6682.86 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી.

# કરચોરીનો કોઈ ઈરાદો નહીં હોય ત્યારે ઈ-વે-બિલની જોગવાઈના ભંગ બદલ લાદેલો ભારેખમ દંડ દૂર કરતો

### નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ... ઈશ્વર રૂદલાલ

ઈ-વે-બિલની સમયમર્યાદા પૂરી થયા બાદ અધિકારી દ્વારા વાહનને અટકાવવામાં આવ્યું અને રૂા. 18 લાખનો દંડ ફટકારવામાં આવ્યો. આ કેસમાં વાહનમાં ભંગાણને કારણે ઢીલ થઈ છે અને કરચોરીનો કોઈ ઈરાદો હતો નહીં એમ જણાવી ના.હાઈકોર્ટ ખાતાને દંડના રૂા. 18 લાખનું રિફન્ડ આપવા ફરમાવ્યું ખેર ! ના.ગુજરાત હાઈકોર્ટના બાલકૃષ્ણ ઈન્ડસ્ટ્રીઝ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા સ્પે. સી.એપ્લી. નં. 1903/206 ના તા. 23/2/26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

**હકીકત...**

આ કેસમાં તા. 21-3-25ના ઈ-વે-બિલની સમયમર્યાદા તા. 22-3-25ના રોજ પૂરી થઈ હતી. પરંતુ વાહનમાં ભંગાણ પડવાને કારણે ટ્રાન્સપોર્ટર સમયમર્યાદા બાદ આઠ કલાકમાં સમયમર્યાદા લંબાવી શકાય નહીં અને તા. 23-3-25ના રોજ 15 કલાક બાદ અધિકારી દ્વારા વાહનને અટકાવવામાં આવ્યું. અધિકારી દ્વારા રૂા. 18 લાખનો દંડ ફટકારવામાં આવ્યો, જે ડેપ્યુટી કમિશનર સ્ટેટ ટેક્ષ અપીલ ડિવીઝન 11, રોજકોટ દ્વારા તા. 25-2-25ના આદેશથી કાયમ રાખવામાં આવ્યો.

**દલીલ...**

અરજદારના વિધ્વાન એડવોકેટશ્રી એ દલીલ કરતા જણાવ્યું કે શૂન્ય દરનો એક્ષપોર્ટનો સપ્લાય હોવાથી GST કાયદાની કલમ 129(1)(એ) હેઠળ રૂા. 18 લાખની પેનલ્ટી નાંખી શકાય નહીં. આ માટે એડવોકેટ શ્રી તરફથી ના.હાઈકોર્ટના મેક્રો વેગન રીટેઈલ પ્રા.લી.ના અગાઉના ચૂકાદા તરફ આધાર રાખવામાં આવ્યો.

**ચૂકાદો...**

ના.હાઈકોર્ટે અગાઉના મેક્રોવેગન રીટેઈલ પ્રા.લી.ના કો-ઓર્ડીનેટ બેન્ચના ચૂકાદા પર આધાર રાખ્યો અને અગત્યના પેરાની નોંધ લીધી.

આ કેસમાં તા. 21-3-25ના ઈ-વે-બિલની સમયમર્યાદા તા. 22-3-25ના રોજ પૂરી થઈ હતી અને નિયમ 138(10) હેઠળ ટ્રાન્સપોર્ટર સમયમર્યાદા બાદ આઠ કલાકમાં સમયમર્યાદા લંબાવી શકયા નહીં, પરંતુ એ સ્વીકૃત હકીકત છે કે વાહનમાં ભંગાણ પડવાને કારણે ટ્રાન્સપોર્ટર ઈ-વે-બિલની સમયમર્યાદા લંબાવી શકયા નહીં. વળી ઈ-વે-બિલની સમયમર્યાદા વહન દરમ્યાન તા. 22-6-25ના રોજ પૂરી થઈ તેની અરજદારને પણ જાણ ન હતી.

આ સંજોગોમાં GST કાયદાની કલમ 129(3) હેઠળ લાદવામાં આવેલ ભારેખમ દંડ નાંખી શકાય નહીં તો આ ઈસ્યુ આજ કોર્ટના મેક્રોવેગન રીટેઈલ પ્રા.લી.ના ચૂકાદા સાથે સંપૂર્ણપણે સુસંગત છે જે સાથે ખાતાના વિધ્વાન આસી. ગઈ. પ્લીડર પણ સંમત છે. એમ જણાવી ના.હાઈકોર્ટે રીટ-પટીશન મંજૂર કરી અને અધિકારીને તા. 29-11-25નો ઓર્ડર તથા તા. 2-12-25નો એપેલટ ઓર્ડર કાયદામાં ટકી શકે એમ જણાવી દૂર કર્યા અને અરજદારને ઓર્ડર મળે, રૂા. 18 લાખની રકમનું વ્યાજ સાથે રીફન્ડ આપવા ખાતાને ફરમાવ્યું.

# એપ્રિલમાં ભારતના કોર સેકટરના ઉત્પાદનમાં 1.7 ટકાનો વધારો થયો

**વીજળી**, કોલસો, સ્ટીલ, સિમેન્ટ ઉદ્યોગોનો સારો દેખાવ, જો કે ક્રૂડ ઓઇલ, ગેસ, ખાતર ક્ષેત્રે નબળાઇ

મુંબઈ, તા. 23: કોલસો, સ્ટીલ અને સિમેન્ટમાં સારા પ્રદર્શનને કારણે એપ્રિલમાં માળખાકીય ઉત્પાદનમાં 1.7 ટકાનો વધારો જોવા મળ્યો છે. પરંતુ, જોકે ક્રૂડ ઓઈલ નેચરલ ગેસ અને ખાતર ક્ષેત્રે નબળાઈને કારણે એકંદર વૃદ્ધિ પર અસર થઈ છે.

એપ્રિલમાં ભારતના માળખાગત ઉત્પાદનમાં સાધારણ સુધારો થયો, આઠ મુખ્ય ઉદ્યોગોમાં વૃદ્ધિ દર ગયા મહિનાના સુધારેલા 1.2 ટકાથી વધીને 1.7 ટકા થયો છે જે કેટલાંક ક્ષેત્રના નબળા પ્રદર્શન છતાં ઔદ્યોગિક પ્રવૃત્તિમાં આંશિક સુધારો સૂચવે છે. કોર સેક્ટર કે જે ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (IIP) માં 40.3 ટકા હિસ્સો ધરાવે છે તેને ઔદ્યોગિક ગતિના પ્રારંભિક સૂચક તરીકે જોવામાં આવે છે. એપ્રિલ 2026 માં કોલસા ઉત્પાદન વૃદ્ધિ માર્ચમાં 4 ટકાના ઘટાડાથી વધીને 3.5 ટકા થઈ, જ્યારે સ્ટીલ ઉત્પાદન મજબૂત રહ્યું અને પાછલા મહિનાના 7.7 ટકા કરતા ધીમી ગતિએ 6.2 ટકા વધ્યું, જોકે. સિમેન્ટ ઉત્પાદનમાં પણ તીવ્ર વધારો થયો, વૃદ્ધિ 4.7 ટકાથી વધીને 9.4 ટકા થઈ, જે બાંધકામ અને માળખાગત પ્રવૃત્તિમાં સતત સ્થિતિસ્થાપકતા તરફ નિર્દેશ કરે છે.

# સેન્ટ્રલ બેન્કનો 8 ટકા હિસ્સો વેચાશે, 2380 કરોડ રૂપિયાની બોલી મળી

**સોમવારે** રિટેલ રોકાણકારો ઓએફએસમાં ખરીદી કરી શકશે, પણ નિષ્ણાતોએ દૂર રહેવાની સલાહ આપી

નવી દિલ્હી, તા. 23: સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયામાં સરકાર દ્વારા ચાર ટકા હિસ્સો વેચવાની ઓફરને સંસ્થાકીય રોકાણકારો તરફથી રૂ. 2380 કરોડથી વધુની બોલી મળી છે. સરકાર સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયામાં 8 ટકા સુધીનો હિસ્સો રૂ. 31ના ભાવે વેચી રહી છે. આ તમામ હિસ્સો વેચાઈ જાય તો સરકારને રૂ. 2456 કરોડ મળશે. શુક્રવારે ટ્રેડિંગ બંધ થતા સુધીમાં સંસ્થાકીય રોકાણકારોએ 768.6 મિલિયનથી વધુ શેર માટે બોલી લગાવી હતી, જે ઓફર કરાયેલા 325.8 મિલિયન શેરના આશરે 2.36 ગણા છે. નોન રિટેલ રોકાણકારે રૂ. 31.01 પ્રતિ શેરના લક્ષ્ય ભાવે રૂ. 2380 કોરડથી વધુ કિંમતની બોલી લગાવી હતી.જોકે, ઘણા બ્રોકરેજ હાઉસીસ અને માર્કેટ નિષ્ણાતોએ રિટેલ રોકાણકારોને આ ઓએફએસથી દૂર રહેવાની સલાહ આપી છે.

# ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં 8 અબજ ડોલરનો ઘટાડો

**વૈશ્વિક** તણાવ અને ડોલરની વધતી માંગ વચ્ચે ભારતીય વિદેશી હુંડિયામણ અનામતમાં તીવ્ર ઘટાડો થયો

નવી દિલ્હી, તા. 23: વૈશ્વિક અનિશ્ચિતતા અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ વચ્ચે ભારતના વિદેશી હુંડિયામણ અનામતને મોટો ઝટકો લાગ્યો છે. ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર આ સપ્તાહમાં દેશના વિદેશી હુંડિયામણ અનામત 8.09 બિલિયન ઘટીને 688.89 બિલિયન થયું છે. જે ગત સપ્તાહે વધ્યું હતું, 696.99 બિલિયન ડોલર પર પહોંચી ગયું હતું.

તાજેતરના ડેટા પર નજર કરીએ તો મીડલ ઈસ્ટમાં યુદ્ધ ફાટી નીકળ્યા પહેલા એટલે કે 27 ફેબ્રુઆરી, 2026ના રોજ ભારતનો વિદેશી હુંડિયામણ 728.49 બિલિયનના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. જોકે, ત્યારથી સતત ઘટાડો થઈ રહ્યો છે. ડોલર સામે રૂપિયાના ઘટાડાને રોકવા માટે આરબીઆઈ વિદેશી વિનિમય બજારમાં હસ્તક્ષેપ કરી રહી છે.

#### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

#### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૮૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૮૦ | તલતેલ | ૪૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૪૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૩૬૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

#### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |

#### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૨૯૦૦ |
| તેજાબી સોનું | ૧૬૨૮૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૪૭૫૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૯૬૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૨૯૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૩૬૨૫ |
| ચાંદી સિક્કા | ૨૭૫૧૨૫ |